કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૭૧૨ |
| અમદાવાદ | ૧૭૨ |
| ગાંધીનગર | ૧૯ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૧૬ ૫ જુલાઈ, ૨૦૨૦, રવિવાર; અષાઢ સુદ - ૧૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બિહારમાં આકાશી આફત

**બિહારમાં વીજળી ત્રાટકવાનો સિલસિલો યથાવત : ૩૧નાં મોત : ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા લોકોને બિનજરૂરી ઘરની બહાર નહીં નીકળવા સુચન : મુખ્ય પ્રધાન નીતિશકુમારે પણ લોકોને સચેત રહેવા કહ્યું**



પટણા, તા. ૭

બિહારમાં વરસાદ અને આકાશમી વીજળી ત્રાટકવાનો સિલસિલો જારી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના સાત જુદા જુદા જિલ્લામાં વીજળી પડવાના કારણે ૨૨ લોકોનાં મોત નીપજ્યાં હતાં. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન આકાશમાંથી વીજળી પડવાથી ૩૧ લોકોનાં મોત નીપજ્યાં હતાં.

પ્રાપ્ત માહિતી અનુસાર, વૈશાલીમાં આજે છ લોકો, લખીસરાયમાં બે, સમસ્તીપુરમાં,, ગયા, બાંકા, નાલંદા અને જમુઈ જિલ્લામાં એક-એક વ્યક્તિનાં મોત નીપજ્યાં છે. આ તમામના મોત વીજળી પડવાને કારણે નીપજ્યા હતા. હવામાન વિભાગે પટના, ભોજપુર, વૈશાલી, નાલંદા સહિતના એક ડઝનથી વધુ જિલ્લાઓમાં આકાશી વીજળી અંગે એલર્ટ જારી કર્યું છે.

મુખ્યમંત્રી નીતીશ કુમારે લોકોને ખરાબ હવામાનમાં સંપૂર્ણ તકેદારી જાળવવા અને

● અનુસંધાન પાન-૭ પર

# ગેંગસ્ટર વિકાસ દુબે પર ૫૦ હજારનું ઈનામ જાહેર

**પોલીસે દરોડા પાડીને ૧૨ જેટલા શંકાસ્પદ લોકોની ધરપકડ કરી : વિકાસ દુબેના ફોન કોલ ડિટેલમાં કેટલાક પોલીસવાળાઓના નંબર પણ હોવાનો ખુલાસો**

કાનપુર,તા.૪

કાનપુરમાં અથડામણ દરમિયાન આઠ પોલીસ કર્મચારીની હત્યા માટે જવાબદાર કુખ્યાત ગુનેગાર વિકાસ દુબેની જાણકારી આપનારાને ૫૦,૦૦૦ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરવામાં આવી છે. કાનપુરના આઈજી મોહિત અગ્રવાલે શુક્રવારે આ ઈનામની જાહેરાત કરી હતી. હાલ વિકાસ દુબેનું પગેરૂં મેળવવા અનેક લોકોની ગહન પુછપરછ ચાલી રહી છે અને મોહિત અગ્રવાલે વિકાસનું ઠેકાણું જણાવનારની વિગતો ગુપ્ત રાખવામાં આવશે તેની ખાતરી આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

### પોલીસે વિકાસ દુબેના ઘર પર બુલડોઝર ફેરવ્યું

કાનપુરના હિસ્ટ્રીશીટર વિકાસ દૂબે વિરુદ્ધ તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ ટીમ પર હુમલા પછી ફરાર થઈ ગયેલા વિકાસ દુબેના ઘર પર બુલડોઝર ફેરી દેવામાં આવ્યું છે. કાનપુર ખાતે હિસ્ટ્રીશીટર વિકાસ દુબેનું ઘર તોડી પાડવામાં આવ્યું છે.










